# પરિષદ-પ્રમુખનો પત્ર

## એ અવિસ્મરણીય સૉનેટપઠન

એ ૧૯૫૭નું વર્ષ હતું. ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ત્યારે અમદાવાદમાં યોજાયું હતું. સુરતથી અમે વડીલ અને નવોદિત કેટલાક મિત્રો એ અધિવેશનમાં હાજરી આપવા અમદાવાદ ગયા હતા. અમારો ઉતારો એક જ મોટા ખંડમાં હતો. એક સવારે કવિવર નિરંજન ભગત અમારે ઓરડે આવ્યા. અમે તો રાજી થઈ ગયા. વાત કવિતાની નીકળી. અમે ભગતસાહેબને તેમનાં કાવ્યો સંભળાવવાની વિનંતી કરી. તેમણે તેનો તરત હકારાત્મક પ્રતિભાવ આપ્યો. અને શરૂ થઈ સૉનેટપઠનની રમઝટ. ભગતસાહેબે તેમનાં પોતાનાં અને અન્ય દિગ્ગજ પૂર્વસૂરિઓનાં સૉનેટોનું જે અદ્‌ભુત છટાથી પઠન કર્યું તે સાંભળીને અમે આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. સંસ્કૃત વૃત્તોમાં રચાયેલાં સૉનેટોનું આવું પ્રભાવશાળી પઠન તે પૂર્વે મેં કદી સાંભળ્યું નહોતું. એક તો સૉનેટ જેવો અઘરો ગણાતો કાવ્યપ્રકાર, સંસ્કૃત છંદો, અર્થગહન પદાવલિ – આ સર્વને તેમણે એટલી અસરકારક રીતે સમર્થ પઠન દ્વારા રજૂ કર્યું કે એ સૉનેટો અમારે માટે અતિ સરળગમ્ય બની રહ્યાં. સૉનેટનું સુયોગ્ય ઢબે કરાતું પઠન જે તે કાવ્યના મર્મ સુધી પહોંચવામાં કેવું ઉપકારક બની શકે તેનું એ એક જીવંત નિદર્શન હતું. મારે સ્વીકારવું જોઈએ કે સૉનેટનું આવું પ્રભાવશાળી પઠન તે પછી મેં આજ સુધી કદી સાંભળ્યું નથી. જો આપણા મૂર્ધન્ય સૉનેટકારોનું પઠન આવું જ અસરકારક રહ્યું હોત તો સૉનેટનો કાવ્યપ્રકાર કદાચ આજે પણ લોકપ્રિય રહી શક્યો હોત. હવે તો સૉનેટ લખનારા ગણ્યાગાંઠ્યા રહ્યા છે. કવિગોષ્ઠિમાં સૉનેટની પ્રસ્તુતિ કરવાનું ક્યારેય એટલું સહજ ન હતું. અને આજે તો ક્યાંથી હોય ?

ગુજરાતી ભાષામાં અનેકાનેક અને એકમેકથી ચઢિયાતા સૉનેટો લખાયાં છે. કવિ ઉશનસ્ તો વૃદ્ધ વયે આજેય સૉનેટસર્જનમાં સક્રિય છે. જ્યારે ગુજરાતી ભાષામાં સૉનેટનો મધ્યાહ્ન ચાલતો હતો ત્યારે પણ તેની લોકપ્રિયતા મર્યાદિત હતી. કાવ્યમાત્ર લોકપ્રિય થવું જ જોઈએ એવો કોઈ નિયમ નથી. તેને લોકપ્રિય બનાવવા માટે કવિએ તેની કક્ષા કે પ્રસ્તુતિને નીચે ઉતારવાની કોઈ જ આવશ્યકતા ન હોય. મંચ પર કાવ્યોની સભારંજની સ્વરૂપની રજૂઆતથી મૂળ કવિતાતત્ત્વને હાનિ પહોંચી શકે છે અને તે સાથે કેટલાક શ્રોતાઓની કાવ્યરુચિ સાથે પણ સમાધાન થતું હોય છે. આમ છતાં હું એવું માનું છું કે કાવ્યોનું પઠન કે ગાન શ્રોતાઓ સુધી તેની સર્વ અર્થવાહિતા અને મર્મને સ્પર્શવાની શક્તિની દ્યોતક હોવી જોઈએ. તેની ઓછપને કારણે ઉત્તમ કાવ્યો, પછી તે કોઈ પણ પ્રકારમાં રચાયાં હોય તે શ્રોતાઓના રુચિસંપન્ન વર્ગ સુધી પહોંચવામાં ઊણાં ઊતરે છે. રજૂઆતમાં નર્યા નાટકવેડા મને મુદ્દલ રુચતા નથી. પણ કાવ્ય શ્રોતાઓ સુધી તેમની સર્વ સૂક્ષ્મતાઓ સાથે પહોંચે તે કવિ, શ્રોતાઓ અને વિશેષતઃ તો કાવ્ય માટે ઉપકારક બની શકે.



ગઝલના ફારસી છંદો આમ તો આપણા શ્રોતાઓ માટે કંઈક પરાયા ગણાય, પરંતુ તેની અસરકારક રજૂઆત તથા તેની સુદીર્ઘ ગાયકી પરંપરા તેને શ્રોતાઓ સુધી વિસ્તારવામાં સફળ નીવડી છે. આવું ગુજરાતમાં સૉનેટો સંદર્ભે કેમ નહીં થઈ શક્યું હોય ? ખરેખર તો સૉનેટમાં પ્રયોજાતા સંસ્કૃત છંદો આપણે સદીઓથી સાંભળતા આવ્યા છીએ. આપણા અસંખ્ય સ્તોત્રો, શ્લોકો, પ્રાર્થનાઓ વગેરે આ છંદોમાં જ લખાયેલાં છે. પરાપૂર્વથી આપણા પુરોહિતો શુભઅશુભ પ્રસંગે એ સ્તોત્રો આદિનું સસ્વર ગાન કરે છે. એ છંદોનું ગાન ચોક્કસ રીતે સદીઓથી સ્વરાંકિત થયેલું છે. આપમાં કાન અને મન તેનાથી અત્યંત પરિચિત છે. વિશેષતઃ બ્રાહ્મણ પરિવારોમાં આ છંદોબદ્ધ સ્તોત્રો, શ્લોકો વગેરેનું નિયમિત સ્વરૂપે ગાન કરવાની જૂની પરંપરા છે. કવિશ્રી ઉશનસે સ્વીકાર્યું છે કે શિખરિણી છંદ સાથેનો ઘરોબો તેમને તેમના પરિવારમાં નિયમિત રીતે થતા 'મહિમ્નસ્તોત્ર'ના ગાન દ્વારા કેળવાયો હતો. આપણે મંદાક્રાંતા છંદનો વિચાર કરીએ અને આપણામાં પરંપરાગત સંસ્કારો જળવાઈ રહ્યા હોય તો સરળ રીતે આપણને 'શાંતાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં'થી પ્રારંભાતો અત્યંત લોકપ્રિય શ્લોક અચૂક સાંભરે. 'મહિમ્નસ્તોત્ર'માં 'અસિતગિરિસમં સ્યાત્ કજ્જલમ્ સિંધુપાત્રે' એ વિખ્યાત શ્લોક આપણને અવશ્ય માલિની છંદથી પરિચિત કરી શકે. લગ્નપ્રસંગે ગવાતાં મંગલાષ્ટકો તો પરંપરાગત રીતે શાર્દૂલવિક્રીડિત છંદમાં જ રચાતાં અને ગવાતાં આવ્યાં છે. આવું બીજા ઘણા બધા શ્લોકો, સ્તવનો ઇત્યાદિ માટે સાચું છે.

મારા જેવાને પ્રશ્ન એ ઊઠે કે સંસ્કૃત છંદોની આ અતિ પ્રચલિત ગાનશૈલી આપણાં ગુજરાતી છંદોબદ્ધ કાવ્યોમાં પૂરતા પ્રમાણમાં કેમ ન ઊતરે ? શક્ય છે કે કવિઓને એ શૈલીમાં પોતાનાં કાવ્યો રજૂ કરવામાં કદાચ જુનવાણી ગણાઈ જવાનો ક્ષોભ થયો હોય. પરંતુ તેથી ગુજરાતી-સંસ્કૃત છંદોબદ્ધ કાવ્યોને ભાવકોના મર્મ સુધી વિસ્તરવામાં મુશ્કેલી પડી એવું મારું નિરીક્ષણ છે. અહીં હું માત્ર સંસ્કૃત છંદોબદ્ધ કાવ્યોની ગાન સહિતની પ્રસ્તુતિની વાત કરવા માગતો નથી. ઉર્દૂમાં જેને 'તહેત' કહેવામાં આવે છે તેવું પઠન પણ પ્રભાવક રીતે કરી શકાય. ઉર્દૂ ગઝલોની રજૂઆતમાં 'તહેત' અને 'તરન્નુમ' બે મુખ્ય ધારાઓ પ્રવર્તે છે. સાવ ફિલ્મી ઢબે તરન્નુમમાં કરાયેલી ગઝલોની પ્રસ્તુતિ જરાય આવકારદાયક ન ગણાય. પરંતુ તરન્નુમની જે કાવ્યોપકારક શૈલી છે તેને વળગી રહીને જો ગઝલોનું ગાન કરવામાં આવે તો તે પ્રશસ્ય નીવડે. આદરણીય ભગતસાહેબે સૉનેટપઠનની અપ્રતિમ છટા આજથી ત્રેપન વર્ષ પહેલાં દાખવી હતી તેના ભણકારા હજી મારા અંતઃસ્તલમાં વિદ્યમાન છે. જો ભગતસાહેબ જેવા ઉત્તમ સૉનેટપઠનકર્તાઓ આપણને વધારે પ્રમાણમાં મળ્યા હોત તો સૉનેટ કવિગોષ્ઠિઓમાં આજે પણ લોકપ્રિય રહ્યું હોત. લોકપ્રિયતા એ કવિતાના તત્ત્વનો એકમાત્ર માપદંડ ન હોઈ શકે પરંતુ સકળ ગરિમાના જતન સાથેય લોકોમાં કાવ્યનો મર્મ ઉતારવા પ્રયત્નશીલ રહેવું તેમાં કશું અનૌચિત્ય નથી.

૯-૯-૨૦૧૦

**– ભગવતીકુમાર શર્મા**